# ડૉ. આંબેડકર દ્વારા લખાયેલ લેખ અને પુસ્તકો

- પ્રસિદ્ધ ઐતિહાસિક મહાનિબંધ 'ધ ઈવેલ્યુએશન ઑફ પ્રોવિન્શિયલ ફાઈનાન્સ ઈન બ્રિટિશ ઈન્ડિયા'.
- ૧૯૧૫ ''પ્રાચીન ભારતનો વ્યાપાર'' એમ. એ.ની પદવી મેળવી.
- ૧૯૧૬ના મે મહિનામાં ડૉક્ટર ગોલ્ડન વેજરના પરિસંવાદમાં 'ભારતીય જાતિ સંસ્થા, તેની યંત્રણા, ઉત્પત્તિ અને વિકાસ' મહાનિબંધ.
- ૧૯૧૬ જૂન ''ભારતની રાષ્ટ્રીય આવકની વહેંચણી : એક ઐતિહાસિક પૃથક્કરણ પરિશીલન'' મહાનિબંધ કોલંબિયા વિશ્વ વિદ્યાલય દ્વારા સ્વીકાર.
- 1918 - book on - "Small holding in India and their remidies."
- આઠ વર્ષ બાદ લંડનમાંની પી. એસ. કિંગ એન્ડ સન્સ નામની પ્રકાશન સંસ્થા દ્વારા આ મહાનિબંધ ''બ્રિટિશ ભારતમાંની આર્થિક ઉત્ક્રાંતિ'' નામે પ્રસિદ્ધ થયો. ગ્રંથની છાપેલી નકલો કોલંબિયા વિશ્વ વિદ્યાલયમાં રજૂ કરાતા 'ડૉક્ટર ઑફ ફિલોસોફી' ડિગ્રી એનાયત.
- ''પ્રોવિન્શિયલ ડિસેન્ટ્રલાઈઝેશન ઑફ ઈમ્પિરિયલ ફાઈનાન્સ ઈન બ્રિટિશ ઈન્ડિયા'' વિષય લઈ તેમણે જૂન, ૧૯૨૧માં એમ. એસસી. કર્યું.
- ૧૯૨૨ 'રૂપિયાનો પ્રશ્ન' મહાનિબંધ લંડન વિદ્યાપીઠ સમક્ષ રજૂ કર્યો. ૧૯૨૩માં તેમને ડૉક્ટર ઑફ સાયન્સની પદવી મળી. આ લેખમાં તેમણે બ્રિટિશ રાજકર્તાઓએ રૂપિયાનું પ્રમાણ બ્રિટિશ વેપારીઓના કલ્યાણની દૃષ્ટિએ કેવી રીતે નક્કી કર્યું છે અને ભારતીય લોકોનું કેવી રીતે અમર્યાદિત શોષણ કરેલું છે તેની ઉપર પ્રકાશ પાડ્યો છે.
- ભિક્ષુકશાહી અને પુરોહિત વર્ગની નાબૂદી માટે તેમણે ૧૯૨૯માં 'બૉમ્બે ક્રોનિકલ'માં એક લેખ લખ્યો હતો.
- તેમણે બે સંશોધનગ્રંથો દલિત અને બૌદ્ધોના સંબંધ ઉપર લખ્યા

  -♦- ૧- 'શુદ્રોની ખોજ'

  -♦- ૨- 'અસ્પૃશ્યો કોણ હતા અને કેવી રીતે?'

૧૯૪૦ - ''થોટ્સ ઓન પાકિસ્તાન''

૧૯૪૮ - THE UNTOUCHABLES

# ડૉ. આંબેડકરના જીવનની તવારિખ

| | | | | |
|---|---|---|---|---|
| • | ૧૪ | એપ્રિલ | ૧૮૯૧ | મહુ-મધ્યપ્રદેશની સૈનિક છાવણીમાં પિતા રામજી સકપાલના પત્ની ભીમાબાઈની કુખે જન્મ |
| • | | | ૧૮૯૬ | પ્રાથમિક શિક્ષણનો પ્રારંભ- પહેલી શાળા સતારાની કેમ્પ સ્કૂલ |
| • | | | ૧૮૯૬ | માતા ભીમાબાઈનું દુઃખદ અવસાન |
| • | ૦૭ | નવેમ્બર | ૧૯૦૦ | સતારા વર્નાક્યુલર અંગ્રેજી શાળામાં પ્રવેશ |
| • | | જાન્યુઆરી | ૧૯૦૫ | એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલ મુંબઈમાં પ્રવેશ. |
| • | | ડિસેમ્બર | ૧૯૦૭ | મેટ્રિક પરીક્ષામાં ઉત્તીર્ણ; પ્રથમ વાર ભગવાન બુદ્ધના જીવનચરિત્ર સાથે પરિચય થયો. જે દાદા કેળુસ્કરે સન્માનમાં આપ્યું હતું |
| • | ૦૩ | જાન્યુઆરી | ૧૯૦૮ | મુંબઈની એલ્ફીન્સ્ટન્ટ કૉલેજમાં પ્રવેશ |
| • | | એપ્રિલ | ૧૯૦૮ | પ્રથમ લગ્ન પત્ની રમાબાઈ |
| | | ડિસેમ્બર | ૧૯૧૨ | મોટા પુત્ર યશવંતનો જન્મ |
| • | ૦૬ | જાન્યુઆરી | ૧૯૧૩ | અંગ્રેજી, ફારસી સાથે બી. એ. પાસ |
| | ૨૩ | જાન્યુઆરી | ૧૯૧૩ | વડોદરા રાજ્યની નોકરીમાં જોડાયા |
| • | ૦૨ | ફેબ્રઆરી | ૧૯૧૩ | પિતાનું અવસાન-વડોદરાની નોકરી છોડી દીધી |
| • | ૦૪ | એપ્રિલ | ૧૯૧૩ | વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે મહારાજા સયાજીરાવ તરફથી શિષ્યવૃત્તિ મંજૂર થઈ |
| • | ૨૦ | જુલાઈ | ૧૯૧૩ | ઉચ્ચ શિક્ષણ માટે ન્યૂયોર્ક પહોંચ્યા |
| • | ૨૧ | જુલાઈ | ૧૯૧૩ | ન્યૂયોર્ક, અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં પ્રવેશ |
| • | ૦૨ | જૂન | ૧૯૧૫ | ‘પ્રાચીન ભારતનો વ્યાપાર’ વિષય પર સંશોધન નિબંધ રજૂ કરી કોલંબિયા યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર સાથે એમ. એ.ની પદવી મેળવી |
| • | ૦૯ | મે | ૧૯૧૬ | નૃવંશશાસ્ત્રના સેમિનારમાં ‘ભારતમાં જાતિઓ’ વિશેનો સંશોધન નિબંધ વાંચ્યો |
| • | ૧૦ | જૂન | ૧૯૧૬ | ‘બ્રિટિશ ભારતમાં પ્રાંતિક અર્થવ્યવસ્થાની ઉત્ક્રાંતિ’ વિશે સંશોધન મહાનિબંધ લખ્યો જેને Ph. D. (ડૉક્ટરેટ)ની પદવી પ્રાપ્ત થઈ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | જૂન | ૧૯૧૬ | લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં વધુ અભ્યાસ અર્થે પ્રવેશ |
| | નવેમ્બર | ૧૯૧૬ | 'ગ્રેજ ઈન' માં 'બાર' માટે પ્રવેશ |
| | મે | ૧૯૧૭ | કોલંબિયા યુનિવર્સિટીમાંથી પી. એચડી.ની પદવી પ્રાપ્ત કરી. |
| ૨૧ | ઓગસ્ટ | ૧૯૧૭ | વડોદરા રાજ્યની શિષ્યવૃત્તિ સમાપ્ત થતા ભારત પરત |
| | સપ્ટેમ્બર | ૧૯૧૭ | વડોદરા રાજ્યમાં સૈનિક સચીવ પદે નિયુકતી અસ્પૃશ્યતાના પાપે રહેવા મકાન ન મળવાથી અગિયારમા દિવસે રાજીનામું આપ્યું |
| ૧૧ | નવેમ્બર | ૧૯૧૮ | સરકારી 'સિડહામ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ ઈકોનોમિક્સ', મુંબઈ ખાતે અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે નિયુક્તિ |
| ૨૭ | જાન્યુઆરી | ૧૯૧૯ | સાઉથબરો કમિશન સામે દલિતોના પ્રશ્નોની રજૂઆત-અહેવાલ પ્રસ્તુત કર્યો |
| | જાન્યુઆરી | ૧૯૧૯ | સમાજસુધારક અને પ્રગતિવાદી કોલ્હાપુરના મહારાજા શાહુ મહારાજ સાથે મુલાકાત અને મૈત્રી |
| ૩૧ | જાન્યુઆરી | ૧૯૨૦ | મરાઠી પાક્ષિક 'મૂકનાયક'ની શરૂઆત. |
| | ફેબ્રુઆરી | ૧૯૨૦ | 'બહિષ્કૃત હિતકારિણી સભા'ની સ્થાપના |
| | માર્ચ | ૧૯૨૦ | માણગાંવમાં સંપન્ન મહારાષ્ટ્ર અસ્પૃશ્ય પરિષદની અધ્યક્ષતા |
| | સપ્ટેમ્બર | ૧૯૨૦ | અધૂરો છોડેલો અભ્યાસ પૂર્ણ કરવા ઈંગ્લેન્ડ ગયા, ફરી લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ એન્ડ પોલિટીકલ સાયન્સમાં એમ. એસસી. પૂર્ણ કરવા અને બેરિસ્ટર થવા પ્રવેશ લીધો. |
| | જૂન | ૧૯૨૧ | એમ. એસસી. માટે શોધ નિબંધ 'પ્રોવિન્શીયલ ડિસેન્ટ્રલાઈઝેશન ઓફ ઈમ્પીરીયલ બ્રિટીશ ઈન્ડિયા' લંડન વિશ્વવિદ્યાલયમાં પ્રસ્તુત |
| ૨૦ | જૂન | ૧૯૨૧ | એમ. એસસી.ની પદવી પ્રાપ્ત કરી |
| | જૂન | ૧૯૨૨ | વિશેષ અભ્યાસ માટે ઇંગ્લેન્ડના જર્મનીથી 'બોન' યુનિવર્સીટીમાં ગયા |
| | ઑક્ટબર | ૧૯૨૧ | ડી. એસસી. માટે શોધ નિબંધ 'પ્રોબ્લેમ્સ ઓફ રૂપી' લંડન વિશ્વવિદ્યાલયમાં પ્રસ્તુત |
| ૦૫ | મે | ૧૯૨૨ | છત્રપતિ શાહુ માહારાજનું અકાળે અવસાન |
| | ઑક્ટોબર | ૧૯૨૨ | ડી. એસ. સી. માટેના મહાનિબંધ યુનિવર્સિટીમાં પ્રવેશ 'The Problem of Rupee its Origin and its Solution' જે ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત થયો |

| | | | |
|---|---|---|---|
| • ૦૩ | એપ્રિલ | ૧૯૨૩ | પુનઃ સ્વદેશાગમન |
| • ૦૫ | જુલાઈ | ૧૯૨૩ | મુંબઈ હાઈકોર્ટમાં વકીલાતનો આરંભ |
| • ૦૪ | ઓગસ્ટ | ૧૯૨૩ | અસ્પૃશ્યોને સાર્વજનિક સ્થાનમાં મુક્ત પ્રવેશઃ સી. કે. બોલેનો પ્રસ્તાવ |
| • ૨૩ | નવેમ્બર | ૧૯૨૩ | ડી. એસસી.ની પદવી મેળવી |
| • ૧૫ | જૂન | ૧૯૨૪ | રાજરત્નનો જન્મ |
| • ૧૯ | જુલાઈ | ૧૯૨૪ | રાજરત્નનું મૃત્યુ |
| • ૨૦ | જુલાઈ | ૧૯૨૪ | 'બહિષ્કૃત હિતકારીણી સભા'નું રજીસ્ટ્રેશન કરાવ્યું. 'શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરો'નું સૂત્ર આપ્યું જે મુદ્રાલેખ બની ગયો. |
| • ૨૦ | જૂન | ૧૯૨૫થી | |
| ૦૫ | ઓગસ્ટ | ૧૯૨૮ સુધી | 'બાટલી બોયઝ એકાઉન્ટન્સી ઈન્સ્ટીટ્યૂટ' માં જોડાયા 'પ્રોફેસર ઓફ મર્કન્ટાઈલ લૉ'ના પદ પર નિયુક્તી |
| • | | ૧૯૨૫ | 'બ્રિટિશ ભારતમાં પ્રાંતીય અર્થ વ્યવસ્થાનો વિકાસ' મહાનિબંધ ગ્રંથ સ્વરૂપે પ્રકાશિત કર્યો. ભારતીય ચલણ અંગે રૉયલ કમિશન સમક્ષ આવેદનપત્ર આપી રજૂઆત કરી |
| • ૦૫ | ઓગસ્ટ | ૧૯૨૬ | અસ્પૃશ્યોને સાર્વજનિક સ્થાનો પર મુક્ત પ્રવેશ આપવાના શ્રી સી. કે. બોલેના પ્રસ્તાવને અમલમાં ન લાવનારી નગર પરિષદો અને જિલ્લા મંડળોને અપાતી વાર્ષિક ધનરાશિ બંધ કરવાનો શ્રી બોલેનો પ્રસ્તાવ |
| • | ડિસેમ્બર | ૧૯૨૬ | મુંબઈ પ્રાંતિક વિધાનસભામાં સભ્ય તરીકે નિયુક્તિ |
| • ૧૯ | માર્ચ | ૧૯૨૭ | મહાડ ખાતે ચવદાર તળાવ સત્યાગ્રહ, અસ્પૃશ્યોએ ચવદાર તળાવનું પાણી પીધું |
| • ૦૩ | એપ્રિલ | ૧૯૨૭ | 'બહિષ્કૃત ભારત' પાક્ષિકની શરૂઆત. |
| • ૨૫ | નવેમ્બર | ૧૯૨૭ | 'બહિષ્કૃત ભારત' માં સંપાદકીય 'અસ્પૃશ્યતા વ સત્યાગ્રહાચી સિદ્ધિ' |
| • ૨૫ | ડિસેમ્બર | ૧૯૨૭ થી | |
| ૨૭ | ડિસેમ્બર | ૧૯૨૭ | મહાડના મેદાનમાં પુનઃ ક્રાંતિ કરી સત્યાગ્રહ કરી મનુસ્મૃતિની પત્રની હોળી |
| • ૧૯ | માર્ચ | ૧૯૨૮ | મહાર વેતન વિધેયક વિધિમંડળમાં મૂક્યું |

| | | | | |
|---|---|---|---|---|
| ● | ૦૮ | એપ્રિલ | ૧૯૨૮ | સમાજ સમતા સંઘની સ્થાપના |
| ● | | મે | ૧૯૨૮ | ઇન્ડિયન સ્ટેચ્યુટરી કમિશન(સાઈમન કમિશન) સામે દલિતોના પ્રશ્નો અને સમસ્યાઓની રજૂઆત |
| ● | ૧૨ | જૂન | ૧૯૨૮ | સરકારી લૉ કૉલેજમાં પ્રોફેસર |
| ● | ૨૯ | જૂન | ૧૯૨૮ | સમતા પાક્ષિકની શરૂઆત |
| ● | | જૂન | ૧૯૨૮ | 'બહિષ્કૃત હિતકારીણી સભા' નું વિસર્જન ભારતીય બહિષ્કૃત સમાજ શિક્ષણ પ્રસારક મંડળની સ્થાપના, ભારતીય બહિષ્કૃત સમાજ સેવા સમિતિની સ્થાપના |
| ● | ૦૩ | ઓગસ્ટ | ૧૯૨૮ | સાયમન કમિશનને સહયોગ આપવા નિમાયેલી વિધાનસભાની સમિતિમાં નિયુક્તી |
| ● | ૦૫ | ઓક્ટોબર | ૧૯૨૮ | સાયમન કમિશન સમક્ષ મૌખિક સાક્ષી તરીકે હાજરી |
| ● | ૦૫ | નવેમ્બર | ૧૯૨૮ | સ્ટાર્ટ સમિતિની સ્થાપના સભ્ય તરીકે નિમાયા |
| ● | ૦૭ | ડિસેમ્બર | ૧૯૨૮ | લાલા લાજપતરાયના મૃત્યુ પર 'બહિષ્કૃત ભારત'માં લેખ |
| ● | ૨૯ | મે | ૧૯૨૯ | પાર્તુર્ડમાં મધ્યપ્રાંત દલિત વર્ગ પરિષદની અધ્યક્ષતા |
| ● | | | ૧૯૨૯ | મુંબઈમાં મજૂરોની હડતાળ, માર્ચથી જૂન સુધી પન્હાળા ખાતે સ્થળાંતર |
| ● | ૧૫ | નવેમ્બર | ૧૯૨૯ | 'બહિષ્કૃત ભારત'માં પર્વતી સત્યાગ્રહનું સમાલોચન |
| ● | ૦૨ | માર્ચ | ૧૯૩૦ | નાસિકમાં કાલારામ મંદિર પ્રવેશ માટે સત્યાગ્રહ |
| ● | ૦૮ | ઓગસ્ટ | ૧૯૩૦ | આંબેડકરજીના અધ્યક્ષસ્થાને 'ઓલ ઈન્ડિયા ડિપ્રેસ્ડ ક્લાસીસ'નું નાગપુરમાં પહેલું અધિવેશન |
| ● | ૧૧ | સપ્ટેમ્બર | ૧૯૩૦ | પ્રથમ ગોળમેજી પરિષદમાં અસ્પૃશ્યોના પ્રતિનિધિ તરીકે નિયુક્તી |
| ● | ૦૪ | ઓક્ટોબર | ૧૯૩૦ | પ્રથમ ગોળમેજી પરિષદમાં જવા રવાના |
| ● | ૨૦ | નવેમ્બર | ૧૯૩૦ | પ્રથમ ગોળમેજી પરિષદમાં ભાષણ |
| ● | ૨૪ | નવેમ્બર | ૧૯૩૦ | 'જનતા' પાક્ષિકની શરૂઆત |
| ● | ૩૧ | જાન્યુઆરી | ૧૯૩૧ | નાગરિકો દ્વારા ડૉ.આંબેડકરને 'દલિતોના મસીહા' ખિતાબ એનાયત |
| ● | | જુલાઈ | ૧૯૩૧ | બીજી ગોળમેજી પરિષદ માટે આમંત્રણ |
| ● | ૧૪ | ઓગસ્ટ | ૧૯૩૧ | બીજી ગોળમેજી પરિષદમાં જતાં પહેલાં ગાંધીજી સાથે મુંબઈમાં પ્રથમ મુલાકાત |
| ● | ૧૫ | ઓગસ્ટ | ૧૯૩૧ | બીજી ગોળમેજી પરિષદ માટે મુંબઈથી રવાના |
| ● | | | ૧૯૩૧. | બીજી ગોળમેજી પરિષદમાં ૩૧ ડિસેમ્બરે દલિતો |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | માટે અલગ મતાધિકારની માંગણીને કારણે આંબેડકર અને ગાંધીજી વચ્ચે સંઘર્ષની શરૂઆત થઈ |
| • | ૨૯ | જાન્યુઆરી | ૧૯૩૨ | ઈંગ્લેન્ડ અમેરિકાનો પ્રવાસ કરીને મુંબઈ પરત આવ્યા ચૌદ સંસ્થાઓ દ્વારા માનપત્ર અર્પણ |
| • | ૦૬ | માર્ચ | ૧૯૩૨ | રાજા-મુંજેની સમજુતી પર દિલ્હીમાં હસ્તાક્ષર |
| • | ૨૬ | મે | ૧૯૩૨ | રાજા-મુંજેની સમજૂતીને કારણે ગુપ્ત રીતે ઈંગ્લેન્ડ જવા રવાના |
| • | ૧૦ | ઓગસ્ટ | ૧૯૩૨ | મેકડોનાલ્ડે જાતીય નિર્ણયની ઘોષણા કરી |
| • | ૨૫ | સપ્ટેમ્બર | ૧૯૩૨ | ગાંધીજીની હઠ સામે ગાંધીજીના પ્રાણ બચાવવા આંબેડકર અને ગાંધીજી વચ્ચે ઐતિહાસિક 'પૂના કરાર' |
| • | ૨૬ | મે | ૧૯૩૫ | પત્ની રમાબાઈનું અવસાન |
| • | ૧૩ | ઓક્ટોબર | ૧૯૩૫ | યેવલા નાસિક મુકામે મળેલી પરિષદમાં ધર્માન્તરણની ઘોષણા |
| • | ૧૫ | મે | ૧૯૩૬ | 'જાત-પાત-તોડક મંડળ' લાહોરમાં આપેલું 'જાતિભેદનો નાશ' વ્યાખ્યાન પુસ્તક રૂપે પ્રસિદ્ધ થયું |
| • | ૧૫ | ઓગસ્ટ | ૧૯૩૬ | સ્વતંત્ર મજૂર પક્ષની સ્થાપના, ઘોષણાપત્ર ઘોષિત |
| • | | જાન્યુઆરી | ૧૯૩૭ | મુંબઈ લેજીસ્લેટીવ એસેમ્બલીના સભ્ય તરીકે ચૂંટાયા |
| • | ૧૭ | માર્ચ | ૧૯૩૭ | મહાડ ખટલાનો ચૂકાદો |
| • | ૧૯ | જુલાઈ | ૧૯૩૭ | કોંગ્રેસે પ્રધાનમંડળ બનાવ્યું |
| • | ૧૫ | મે | ૧૯૩૮ | સરકારી લૉ કૉલેજના પ્રિન્સિપાલ પદેથી રાજીનામું |
| • | | જાન્યુઆરી | ૧૯૩૯ | 'ફેડરેશન વિરુદ્ધ ફ્રીડમ' અંગ્રેજીમાં ગ્રંથ લખ્યો |
| • | | એપ્રિલ | ૧૯૩૯ | નહેરુ આંબેડકર પ્રથમ મુલાકાત, મુંબઈ |
| • | ૨૨ | જુલાઈ | ૧૯૪૦ | આંબેડકર-સુભાષ પ્રથમ મુલાકાત, મુંબઈ |
| • | ૦૮ | ઓગસ્ટ | ૧૯૪૦ | ગવર્નલ જનરલનું આશ્વાસન કે અસ્પૃશ્યોની સહમતિ વિના બંધારણમાં પરિવર્તન નહીં કરાય |
| • | | એપ્રિલ | ૧૯૪૨ | ઑલ ઇન્ડિયા શેડ્યુઅલ કાસ્ટ ફેડરેશનની સ્થાપના |
| • | ૦૯ | જુલાઈ | ૧૯૪૨ | ગવર્નર જનરલની એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં મજૂર મંત્રી તરીકે નિમણૂંક |
| • | ૦૮ | ઓગસ્ટ | ૧૯૪૨ | કોંગ્રેસ દ્વારા ભારત છોડો આંદોલનની ઘોષણા |
| • | ૨૯ | ઓગસ્ટ | ૧૯૪૨ | મહારાજ્યપાલ પાસે દલિતોની માંગણીઓનું ગુપ્ત નિવેદન |
| • | ૧૫ | ડિસેમ્બર | ૧૯૪૨ | કેનેડા ખાતે પેસિફિક રીલેશન્સ કોન્ફરન્સમાં |

MAT/86

| | | | |
|---|---|---|---|
| | | | ભારતના અછૂતોની સમસ્યા અંગે 'ગાંધીજી અને અછૂતોની મુક્તિ' વિષય પર પેપર રજૂ કર્યું |
| ૧૮ | જાન્યુઆરી | ૧૯૪૩ | 'રાનડે-ગાંધી-જિન્હા' વિષય પર ગ્રંથ પ્રકાશિત કર્યો. |
| ૨૪ | જૂન | ૧૯૪૫ | 'ગાંધીજી તથા કોંગ્રેસે દલિતો માટે શું કર્યું' ગ્રંથનું પ્રકાશન |
| ૧૫ | માર્ચ | ૧૯૪૬ | બ્રિટીશ પ્રધાનમંત્રી એટલી દ્વારા 'હિંદુસ્તાનને સ્વતંત્રતા પ્રાપ્તિના અધિકાર'ની ઘોષણા |
| ૨૦ | જૂન | ૧૯૪૬ | સિદ્ધાર્થ કૉલેજનો પ્રારંભ |
| ૧૮ | જુલાઈ | ૧૯૪૬ | આંબેડકર-સરદાર પટેલ પ્રથમ મુલાકાત |
| ૧૦ | ઓક્ટોબર | ૧૯૪૬ | 'શુદ્રોની શોધ' અંગ્રેજી ગ્રંથ પ્રકાશન |
| ૧૭ | ડિસેમ્બર | ૧૯૪૬ | 'અખંડ ભારત' અંગે બંધારણસભામાં રાષ્ટ્રવાદી પ્રવચન |
| ૨૦ | જાન્યુઆરી | ૧૯૪૭ | પંડિત નહેરૂનો 'મૂળભૂત અધિકારો'ના વિષયમાં મૂકાયેલ પ્રસ્તાવ સ્વીકારાયો |
| ૧૧ | એપ્રિલ | ૧૯૪૭ | હિંદુ કોડ બિલ વિધિમંડળ સમક્ષ પ્રસ્તુત |
| ૨૩ | જુલાઈ | ૧૯૪૭ | બંધારણસભા માટે મુંબઈમાંથી પુનઃ ચૂંટાયા |
| ૨૯ | ઓગસ્ટ | ૧૯૪૭ | પ્રારૂપ સમિતિમાં નિમણૂંક |
| ૩ | ઓગસ્ટ | ૧૯૪૭ | સંવિધાન માટેની ડ્રાફ્ટિંગ કમિટિમાં નિયુક્તિ. ભારતીય બંધારણ સમિતિની મુસદ્દા સમિતિના અધ્યક્ષ પદે સર્વાનુમતે વરણી |
| ૩૦ | જાન્યુઆરી | ૧૯૪૮ | ગાંધીજીની હત્યા |
| ૦૯ | એપ્રિલ | ૧૯૪૮ | હિંદુ કોડ બીલ પ્રવર સમિતિને મોકલાયું |
| ૧૫ | એપ્રિલ | ૧૯૪૮ | કુ. શારદા કબીર સાથે પુનઃલગ્ન જેઓ સવિતા આંબેડકર તરીકે ઓળખાયા |
| | નવેમ્બર | ૧૯૪૮ | સંવિધાન સમિતિના અધ્યક્ષ તરીકે સંસદમાં ભારતીય સંવિધાનનો મુસદો રજૂ કર્યો |
| ૧૧ | ફેબ્રુઆરી | ૧૯૪૯ | હિંદુ કોડ બીલ સમિતિમાંથી પરત મોકલાયું ચર્ચાનો પ્રારંભ |
| ૨૫ | નવેમ્બર | ૧૯૪૯ | સંવિધાન સમર્પણ કર્યું તે દિવસે બંધારણ અંગેનું ઐતિહાસિક પ્રવચન આપ્યું બંધારણસભાના સભ્યો દ્વારા બહુમાન |
| ૨૬ | નવેમ્બર | ૧૯૪૯ | બંધારણ પર છેલ્લું મતદાન |
| ૨૪ | ફેબ્રુઆરી | ૧૯૫૦ | લોકસભામાં હિંદુ કોડ બિલ પ્રસ્તુત કર્યું |
| ૧૫ | જૂન | ૧૯૫૦ | ઔરંગાબાદમાં મિલિંદ મહાવિદ્યાલયની સ્થાપના |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | ઑક્ટોબર | ૧૯૫૧ | 'હિંદુ કોડબિલ' પસાર ન થતા નહેરુ મંત્રીમંડળમાંથી રાજીનામું વિરોધપક્ષના નેતા તરીકે લોકસભામાં બેઠા |
| ૧૧ | જાન્યુઆરી | ૧૯૫૨ | પ્રજાસત્તાક ભારતની પ્રથમ ચૂંટણીમાં લોકસભામાં મુંબઈમાંથી ૮,૩૭૫ મતે હાર. દલિતોના અલગ મતાધિકાર અને તેમના નેતા ચૂંટવાનો અધિકાર છીનવાઈ જતાં આવેલું આ પરિણામ |
| ૦૫ | જૂન | ૧૯૫૨ | અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીએ 'ડૉક્ટર ઑફ લૉ'ની પદવી આપી |
| | ડિસેમ્બર | ૧૯૫૪ | વર્લ્ડ બુદ્ધિસ્ટ કોન્ફરન્સ રંગૂનમાં ડેલીગેટ તરીકે ભાગ લીધો |
| ૪ | ફેબ્રુઆરી | ૧૯૫૬ | ૧૯૩૦માં શરૂ કરેલું 'જનતા' પાક્ષિક 'પ્રબુદ્ધ ભારત'ના નામે ચલાવવાની શરૂઆત કરી |
| | જૂન | ૧૯૫૬ | સિદ્ધાર્થ લૉ કૉલેજનો મુંબઈમાં પ્રારંભ કર્યો |
| ૩૦ | સપ્ટેમ્બર | ૧૯૫૬ | 'ભારતીય રીપબ્લીકન પક્ષ'ની સ્થાપના |
| ૧૪/૧૫ | ઓક્ટો. | ૧૯૫૬ | અશોક વિજયા દશમીને દિવસે નાગપુર ખાતે હિંદુ ધર્મનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો |
| ૧૫/૨૦ | નવેમ્બર | ૧૯૫૬ | નેપાળ કાઠમંડુમાં ચોથી વિશ્વ બૌદ્ધ પરિષદમાં સહભાગ, પરિષદ દ્વારા બહુમાન |
| ૫ | ડિસેમ્બર | ૧૯૫૬ | The Buddha and His Dhamma પુસ્તકની પ્રસ્તાવના મોડી રાત્રે પૂર્ણ કરી |
| ૬ | ડિસેમ્બર | ૧૯૫૬ | દિલ્હીના ૨૬, અલીપુર રોડના નિવાસસ્થાને પ્રભાતે પરિનિર્વાણ પામ્યા |
| ૭ | ડિસેમ્બર | ૧૯૫૬ | મુંબઈના શિવાજી પાર્ક ખાતે અંતિમ સંસ્કાર થયા. જે આંબેડકર ચૈત્યભૂમી તરીકે ઓળખાય છે. આજે પણ હજારો અનુયાયીઓ આ દિવસે દર્શને આવે છે |
| ૧૪ | એપ્રિલ | ૧૯૯૦ | દેશભરમાં આંબેડકરજીની જન્મશતાબ્દિની ઉજવણી કરવામાં આવી. સંસદમાં ડૉ. આંબેડકરના તૈલચિત્રનું સ્થાપન. |
| ૩ | જૂન | ૧૯૯૦ | ડૉ. બાબાસાહેબ આંબેડકરને મૃત્યુનાં વર્ષો પછી વડાપ્રધાન વી. પી. સીંગની ભાજપના ટેકાથી ચાલતી સરકારે મા. અટલજીના આગ્રહને પરિણામે મરણોપરાંત ભારતરત્ન એનાયત કર્યો. |